# કાર્યનોંધ

## પ્રકાશન સમિતિની શૈક્ષણિક વર્ષ - ૨૦૧૭-૧૮ની પ્રથમ બેઠક

---

તા. ૧૫-૦૭-૨૦૧૭નાં રોજ માન.કુલપતિશ્રીનાં કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રકાશન સમિતિની પ્રથમ બેઠકનું આયોજન થયું. બેઠકમાં નીચેની વિગતે સમિતિએ મંજૂરી/ભલામણો કરેલ છે.

(૧.) જગદ્ગુરુ રામાનન્દાચાર્ય સંસ્કૃત યુનિવર્સિટીના પૂર્વકુલપતિ પ્રો. કે.વી. રામકૃષ્ણમાચાર્યજીના પ્રથમ સૂચનને (લેખક/સંપાદક/અનુવાદકને વિકલ્પ – ૨ રૂપે તેમના પ્રકાશનની ૫૦ નકલો માત્ર આપવી અને માનદ પુરસ્કાર ચૂકવવો નહીં) સમિતિએ માન્ય ન રાખતાં યુનિવર્સિટીએ પોતાની પ્રકાશન પોલીસી મુજબ જ જે તે લેખક/સંપાદક/અનુવાદકને પ્રકાશનની ૨૦ નકલો સાથે માનદ પુરસ્કાર ચૂકવવો એમ સર્વાનુમતે ભલામણ કરેલ છે.

(૨.) પ્રો. કે.વી. રામકૃષ્ણમાચાર્યજીના બીજા સૂચનને સમિતિએ આવકાર્યો હતો. તે મુજબ યુનિવર્સિટી પોતાની પ્રકાશન પોલીસીમાં સુધારો કરી પ્રકાશન પૂર્વે જે તે લેખક/સંપાદક/અનુવાદક સાથે એક Publication Agreement કર્યા બાદ જ પ્રકાશન કરે તેમ સમિતિએ ભલામણ કરેલ છે. આ અંગેના જરૂરી Publication Agreement અત્રેની યુનિવર્સિટીના સંશોધન અધિકારી તૈયારી કરી માન. કુલપતિશ્રી પાસેથી મંજૂર કરાવ્યા બાદ જ અગ્રિમ પ્રકાશનો હાથ ધરશે તેમ સમિતિએ સૂચન કરેલ છે. Publication Agreementનું સ્વરૂપ તૈયાર થયેથી અને સમીક્ષકોએ મંજૂર રાખેલ જે તે લેખક/સંપાદક/અનુવાદકના ગ્રંથને Publication Agreement કર્યા બાદ જ પ્રકાશિત કરવા ભલામણ છે, જેથી કોપીરાઈટને લગતા પ્રશ્નો ભવિષ્યમાં ઉપસ્થિત ન થાય. આ સમગ્ર કામગીરીનું સંકલન યુનિવર્સિટીના સંશોધન અધિકારી કરશે. સમીક્ષકોએ મંજૂર રાખેલ ગ્રંથના લેખક/સંપાદક/અનુવાદકને "યુનિવર્સિટી દ્વારા પ્રકાશનની મંજૂરી/બહાલી મળેલ છે" - આ અંગેની જાણ કરતો પત્ર લખી તેની સાથે Publication Agreementના પત્રો સાદર કરીને સંશોધન અધિકારી મોકલશે. જો કોઇ લેખક/સંપાદક/અનુવાદકને Publication Agreement કે પ્રકાશનની મંજૂરી માન્ય રહે અથવા તેથી કોઇ વાંધો હોઇ તો તે પત્ર મળ્યેથી દિન-૧૦માં આ અંગેની જાણ અત્રેની યુનિવર્સિટીને લેખિતમાં કરશે. જે તે લેખક/સંપાદક/અનુવાદકની Publication Agreement પર મંજૂરી મળ્યેથી જ પ્રકાશનનો ગ્રંથ/ગ્રંથો પ્રેસમાં અગ્રિમ છાપકામ હેતુ મોકલવા સમિતિની સ્પષ્ટ ભલામણ છે.

(૩.) સોફ્ટ કોપી ડેવલપમેંટ પુરસ્કાર બાબતની ચર્ચા કરતાં માન. કુલપતિશ્રીએ સૂચન કરેલ છે કે જે પ્રકાશનો અગાઉ/પૂર્વે થઇ ગયેલ છે તેમના લેખક/સંપાદક/અનુવાદકનો સોફ્ટ કોપી ડેવલપમેંટ પુરસ્કાર આજની તારીખમાં સમિતિ સ્વયં મંજૂર કરી ચૂકવે તે યોગ્ય નથી. તેમાં પણ અગાઉ/પૂર્વે થઇ ગયેલ જે પ્રકાશનોના લેખક/સંપાદક/અનુવાદકની લેખિત માંગણી વગર સોફ્ટ કોપી ડેવલપમેંટ પુરસ્કાર ચૂકવવો એ ઓડિટનો જટિલ પ્રશ્ન બની શકે એમ હોય અગાઉ/પૂર્વે થઇ ગયેલ પ્રકાશનોના સોફ્ટ કોપી ડેવલપમેંટ પુરસ્કાર લેખિત માંગણી વગર ન ચૂકવવા ભલામણ છે. જો કોઇ લેખક/સંપાદક/અનુવાદક લેખિતમાં આ અંગેની જાણ કરી સોફ્ટ કોપી ડેવલપમેંટ પુરસ્કારની માંગ કરે તો ચૂકવવો એમ ભલામણ છે. આ વિગતે એજંડાની ક્રમ સંખ્યા ૫. भगवतः श्रीस्वामिनारायणस्य संक्षिप्तः परिचयः ગ્રંથના અનુવાદકે સોફ્ટ કોપી



SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

તૈયાર કરીને અત્રે મોકલેલ હોય તે અંગેના ડેવલપમેંટ પુરસ્કારની માંગ કરતો પત્ર લખી જાણ કરેલ છે. યુનિવર્સિટી નિયમાનુસાર (Pages 32 ÷ 2 = **16 × Rs. 50 =** Rs. 800 /-) અનુવાદક શ્રી યોગેશ પંડ્યાને રૂ. ૮૦૦નો સોફ્ટ કોપી ડેવલપમેંટ પુરસ્કાર ચૂકવવા સમિતિ ભલામણ કરે છે.

આ પ્રકારનો પ્રશ્ન ભવિષ્યમાં ઉપસ્થિત ન થાય તે માટે સંશોધન અધિકારી જ્યારે લેખક/સંપાદક/અનુવાદકને "યુનિવર્સિટી દ્વારા પ્રકાશનની મંજૂરી/બહાલી મળેલ છે" - આ અંગેની જાણ કરતો પત્ર લખે ત્યારે લેખક/સંપાદક/અનુવાદકને મળવાપાત્ર પુરસ્કારનો ઉલ્લેખ પણ કરે જે અંગેની લેખક/સંપાદક/અનુવાદકને પણ જાણ થાય એમ પણ ભલામણ છે.

**(૪.)** श्रीनरेन्द्रविजयमहाकाव्यम् ગ્રંથ પ્રકાશન અંગેની ચર્ચા કરતા યુનિવર્સિટી સંશોધન અધિકારીએ અગાઉ ત્રણ સમીક્ષકો પૈકી બે સમીક્ષકોએ આ જ ગ્રંથ પ્રકાશનની ના પાડતા સમીક્ષા પત્રો સમિતિને બતાવ્યાં. સમિતિએ બન્ને સમીક્ષકોના સમીક્ષા પત્રો અને તેમના પરિશિષ્ટોને વાંચ્યા. વાંચેલ સમીક્ષા પત્રો અને કવિએ ફરીથી મોકલેલ સંશોધિત ગ્રંથ श्रीनरेन्द्रविजयमहाकाव्यम्ની નકલનો અભ્યાસ કરતા સમિતિએ કાળજીપૂર્વકની તેમજ પુખ્ત વિચારણાને અંતે આ ગ્રંથ પ્રકાશન હેતુ ફરીથી ન સ્વીકારતા લેખકને પરત કરવા સૂચન કરેલ છે. श्रीनरेन्द्रविजयमहाकाव्यम् ગ્રંથ પ્રકાશિત ન કરવા સમિતિ ભલામણ કરે છે.

**(૫.)** પ્રકાશન અર્થે આવેલ બે ગ્રંથો कैवल्यदीपिका અને वेदान्तपरिभाषाનાં બે-બે મળીને કુલ ચાર સમીક્ષાપત્રો સમિતિ સમક્ષ રજૂ કરતાં તે તમામ રિપોર્ટ પોઝિટિવ હોય સમિતિ આ બન્ને ગ્રંથોને યુનિવર્સિટી દ્વારા પ્રકાશનની મંજૂરી આપવા સર્વાનુમતે ભલામણ કરેલ છે.

આ ભલામણને ફાઈલ પર મંજૂરી મળ્યેથી સંશોધન અધિકારી कैवल्यदीपिका અને वेदान्तपरिभाषा ગ્રંથના લેખક/સંપાદકને "યુનિવર્સિટી દ્વારા પ્રકાશનની મંજૂરી/બહાલી મળેલ છે" અને પત્રમાં લેખક/સંપાદક/અનુવાદકને મળવાપાત્ર પુરસ્કારનો ઉલ્લેખ કરી - આ અંગેની જાણ કરતો પત્ર લખી તેની સાથે Publication Agreementના પત્રો સાદર કરીને મોકલશે. જે તે લેખક/સંપાદક/અનુવાદકની Publication Agreement પર મંજૂરી મળ્યેથી જ પ્રકાશનનો ગ્રંથ/ગ્રંથો પ્રેસમાં અગ્રિમ છાપકામ હેતુ મોકલવા સમિતિની ભલામણ છે.

બન્ને ગ્રંથોને ચકાસતાં માલૂમ પડેલ છે કે वेदान्तपरिभाषा નામના ગ્રંથમાં ઘણા મુદ્રણ દોષો રહી ગયેલ છે. આ સ્થિતિમાં અને વર્તમાન સ્વરૂપમાં આ ગ્રંથને પ્રકાશિત કરવો એ યુનિવર્સિટીની ગરિમાની વિરુદ્ધ હોઈ માન. કુલપતિશ્રીએ વેદાંતશાસ્ત્રના વિષય નિષ્ણાંતશ્રી પાસેથી સમ્પૂર્ણ ગ્રંથ પુનઃ સંપાદિત કર્યા બાદ અને સમિતિની અંતિમ મંજૂરી મેળવ્યા બાદ જ પ્રકાશિત કરવાની ભલામણ કરેલ છે. આ વિગતે સમિતિએ સર્વાનુમતે અત્રેની યુનિવર્સિટીના દર્શન વિભાગના સહાયક પ્રાધ્યાપક ડો. જાનકીશરણ આચાર્યનું નામ વેદાંતશાસ્ત્રના વિષય નિષ્ણાંતશ્રી તરીકે સૂચવતાં, માન. કુલપતિશ્રી અને તમામ સભ્યોએ સર્વાનુમતે वेदान्तपरिभाषा નામના ગ્રંથના સંપાદક સ્વરૂપે ડો. જાનકીશરણ આચાર્યનું નામ સ્વીકારેલ છે. ડો. જાનકીશરણ આચાર્ય આ ગ્રંથની મૂળ નકલ તેમજ પ્રેસ કોપી સંશોધન અધિકારી પાસેથી મેળવી જરૂરી સંપાદન/સંશોધન/કરેક્શન/પ્રુફ વાંચન કરશે. તેની સોફ્ટ કોપીમાં જરૂરી સંપાદન/સંશોધન/કરેક્શન/પ્રુફ વાંચન H.K. Offset, Veraval પાસેથી કરાવવાના રહેશે. સંપૂર્ણ સોફ્ટ કોપી તૈયાર થયેથી કરેક્ટેડ ફાઇનલ સોફ્ટ કોપીમાં वेदान्तपरिभाषा નામનો ગ્રંથ મેળવી પ્રકાશન વિભાગમાં જમા કરાવવાનો રહેશે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(૬.) યુનિવર્સિટી પ્રકાશન પોલીસીની ડિસ્કાઉંટ પોલીસીની ચર્ચા-વિમર્શ બાદ પ્રકાશન સમિતિએ કાળજીપૂર્વકની તેમજ પુખ્ત વિચારણાને અંતે વૈયક્તિક ડિસ્કાઉંટ ૨૦%થી વધારીને ૩૦%, લેખક/સંપાદક/અનુવાદકનું ડિસ્કાઉંટ ૩૦%થી વધારીને ૪૦%, પબ્લિશર-બુકસેલરનું ડિસ્કાઉંટ ૨૫%થી વધારીને ૪૦% અને લાયબ્રેરી, શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓનું ડિસ્કાઉંટ ૩૦%થી વધારીને ૪૦% રાખવા ભલામણ કરે છે.

પ્રકાશન પોલીસીમાં આવતા વિવિધ પુરસ્કારોની પુનઃ વિચારણા બાદ તેમાં કોઇ ફેરફાર ન કરતાં જે પુરસ્કારો પોલીસીમાં સૂચિત છે તે યથાવત્ રાખવા સમિતિ ભલામણ કરે છે. वाक्यार्थज्योतिः અને शोधज्योतिः જેવા ગ્રંથોના પ્રકાશનાર્થે આવતા સંશોધન લેખોની સમીક્ષાર્થે સમીક્ષકોને તમામ લેખોની સમીક્ષા પેટે પ્રતિ સમીક્ષક રૂ. ૧,૦૦૦ /-નો જ પુરસ્કાર ચૂકવવા સમિતિ ભલામણ કરે છે.

યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ ગ્રંથોના વેચાણ અંગે વિગતે ચર્ચા-વિચારણા કરવામાં આવી. યુનિવર્સિટી પરિસરમાં આયોજિત થતાં આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીય/સ્થાનિક સંમેલનો/સંગોષ્ઠીઓ/ કાર્યશાળાઓમાં પુસ્તક વેચાણ વિભાગ (Publication Sales Department) અચૂક યુનિવર્સિટી પ્રકાશનો વેચાણ અર્થે મૂકે એમ ભલામણ છે. યુનિવર્સિટી પરિસરની બહાર આયોજિત થતાં કાર્યક્રમો જેવાં કે વાયબ્રંટ ગુજરાત પ્રદર્શની, ગ્રાંડ એજ્યુકેશન ફેર, હાયર એજ્યુકેશન ગ્લોબલ સમિટમાં પણ યુનિવર્સિટી પ્રકાશન વેચાણ હેતુથી પુસ્તક વેચાણ વિભાગ (Publication Sales Department) યુનિવર્સિટી પ્રકાશનોની એક-એક નકલોનો સેટ, પ્રકાશિત ગ્રંથોની સૂચિ, બિલ બુક સહિત જે તે સંયોજકોને સોંપે જેથી ઉપરોક્ત પ્રદર્શનીઓની મુલાકાત લેનારા વિઝિટરો એક-એક નકલો તેમજ પ્રકાશિત ગ્રંથોની સૂચિના આધારે પોતાને ખરીદવા યોગ્ય ગ્રંથોનો ઓર્ડર લખાવીને, ગ્રંથ/થોની કિંમત ચૂકવી ઘેર બેઠા યુનિવર્સિટી પ્રકાશનો વેચાણથી મેળવી શકે અને બીજી તરફ યુનિવર્સિટીનું વેચાણ પણ વધે. માન. કુલપતિશ્રીએ આગળ સૂચન કરતા કહ્યું કે મોટા મોટા પુસ્તક મેળાઓમાં સ્વયં ન જતા ગુજરાતના મોટા અને જાણીતા બુકસેલરો/પ્રકાશકો/ડીસ્ટ્રીબ્યુટરો જેવા કે સરસ્વતી પુસ્તક પ્રકાશન (અમદાવાદ), પાર્શ્વ પ્રકાશન (અમદાવાદ), ગૂર્જર રત્ન (અમદાવાદ), પ્રવિણ પ્રકાશન (રાજકોટ), અન્ય બીજાઓનો પણ સંપર્ક કરી, તેમને ૪૦% ડિસ્કાઉંટ ઓફર કરી, પુસ્તક વેચાણના કરાર (Publication Sales Agreement) કરીને યુનિવર્સિટી પ્રકાશનો વેચાણ અર્થે મોકલવા સ્પષ્ટ ભલામણ છે. જેથી તેઓ પોતાના સ્ટોલ/દુકાન મારફત આપણા પુસ્તકો પણ વેચે અને આ રીતે યુનિવર્સિટી પ્રકાશનોનું વેચાણ વધે એમ ભલામણ છે.

વધુમાં, સમિતિ ભલામણ કરે છે કે પુસ્તક વેચાણ વિભાગ (Publication Sales Department) અત્યાર સુધીના યુનિવર્સિટી પ્રકાશનોની યાદીનું એક બેનર અથવા કેનોપી બનાવી યુનિવર્સિટી શૈક્ષણિક ભવનમાં મુકે જેથી યુનિવર્સિટી પ્રકાશનોનો ખ્યાલ તમામ વિદ્યાર્થીઓ, શોધાર્થીઓ, અધ્યાપકો, મુલાકાતીઓને થાય અને યુનિવર્સિટી પ્રકાશનોનું વેચાણ પણ વધે. આ ઉપરાંત, ગ્રંથાલય વિભાગના પ્રવેશ દ્વાર પાસે અથવા યોગ્ય જગ્યાએ લોકવાળું કાચનું શોકેસ બનાવળાવી તમામ પ્રકાશનોની એક-એક નકલ પ્રદર્શની હેતુ મૂકવામાં આવે જેથી યુનિવર્સિટી પ્રકાશનોનો ખ્યાલ તમામ વિદ્યાર્થીઓ, શોધાર્થીઓ, અધ્યાપકો, મુલાકાતીઓને થાય અને યુનિવર્સિટી પ્રકાશનોનું વેચાણ પણ વધે એમ સમિતિની ભલામણ છે.

(૭.) યુનિવર્સિટીનું પ્રકાશન વધે તે હેતુથી માન. કુલપતિશ્રીએ સૂચન કરેલ છે કે અત્રેની યુનિવર્સિટી પરિસરના તમામ અધ્યાપકોને પત્ર દ્વારા ગ્રંથો તૈયાર કરી પ્રકાશનાર્થે અત્રે જમા કરાવવા અપીલ કરવામાં આવે. પત્રમાં અધ્યાપકો યુનિવર્સિટી અભ્યાસક્રમને (સિલેબસ) અનુરૂપ ટેક્ષ્ટ બુક, જે તે શાસ્ત્રના સંદર્ભ



SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

ગ્રંથ, અનુવાદ ગ્રંથ, મહાશોધનિબંધ (Ph.D. Thesis), મૌલિક રચનાઓ વગેરે તૈયાર કરી પ્રકાશનાર્થે અત્રેના વિભાગમાં જમા કરાવે તેમ જણાવવા સૂચન છે. યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયો/કોલેજો/સંસ્થાઓના પ્રધાનાચાર્યો, અધ્યાપકો, શૈક્ષણિક સ્ટાફને પણ પત્ર દ્વારા ગ્રંથો તૈયાર કરી પ્રકાશનાર્થે અત્રે જમા કરાવવા અપીલ કરવામાં આવે એમ ભલામણ છે. પત્રમાં અધ્યાપકો યુનિવર્સિટી અભ્યાસક્રમને (સિલેબસ) અનુરૂપ ટેક્ષ્ટ બુક, જે તે શાસ્ત્રના સંદર્ભ ગ્રંથ, અનુવાદ ગ્રંથ, મહાશોધનિબંધ (Ph.D. Thesis), મૌલિક રચનાઓ વગેરે તૈયાર કરી પ્રકાશનાર્થે અત્રેના વિભાગમાં જમા કરાવે તેમ જણાવવા સૂચન છે.

(૮.) પ્રકાશન સમિતિની આ બેઠકની ભલામણોને આગામી A.C., F.C. તથા E.C.માં લઈ જરૂરી બહાલી/મંજૂરી મેળવી અગ્રિમ કાર્યવાહી કરવા માન. કુલપતિશ્રીએ સૂચન કરેલ છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી